# એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

## દ્વિતિય પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૦-૧૧

| | | |
|---|---|---|
| તારીખ : ૦૮-૦૨-૨૦૧૧ | ધોરણ : ૧૦ | ગુણ : ૧૦૦ |
| વાર : મંગળવાર | વિષય : ગુજરાતી | સમય : ૩ કલાક |

## PART - A

**સમય : 50 મિનિટ** **કુલ ગુણ : 50**

**સુચનાઓ :-**

**૧. નીચે આપેલા ૧ થી ૫૦ હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.**

**૨. નીચે આપેલા ૧ થી ૫૦ હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો ૧ ગુણ છે.**

**૩. આપને અલગથી આપેલ OMR Answer Sheetમાં જે - તે પ્રશ્નનંબર સામે AO, BO, CO, DO આપેલ છે. આપેલ પ્રશ્નનો જે ઉત્તર સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ● (વર્તુળ)ને કાળી પેનથી પૂર્ણ ઘટ્ટ કરવાનું રહેશે.**

### ગદ્ય વિભાગ

1 "પૃથિવીવલ્લભ" પાઠનો સાહિત્યપ્રકાર દર્શાવો ?
(A) નવલકથા ખંડ (B) નવલિકા
(C) એકાંકી (D) નિબંધ

2 લેખક કોને ગુજરાતનું નાકું કહે છે ?
(A) મધ્યપ્રદેશને (B) શૂલપાણેશ્વરને
(C) ગજરાતને (D) દેવનદીને

3 દાદાને સપનામાં કોણ આવ્યું હતું ?
(A) લક્ષ્મીમાતા (B) વૃક્ષ
(C) નાનો-ટગુમગુ ચાલતો અને નાગોપૂગો ચંપક(D)વૃક્ષ બની ગયાની ઘટના.

4 લેખકના મનમાં કઈ વાત ઠસી ગઈ ?
(A) આક્કાની ચોપડી પકડવાની રીત (B) આક્કાને મોઢે વાર્તા સાંભળવાની
(C) આક્કાનું આદર્શ વર્તન (D) આક્કાને પોપટને પાંજરામાંથી ઊડાડી મૂક્યો તે

5 કલામના પિતાના ગાઢ દોસ્ત કોણ હતા ?
(A) જલાલુદ્દીન (B) શિવસુબ્રમણ્યમ
(C) અરવિંદન્ (D) પાક્ષીલક્ષ્મણન્ શાસ્ત્ર

6 લેખક મંદિરના બાંકડે બેસીને શાની શરૂઆત કરે છે ?
(A) પ્રકૃત્તિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની (B) ડાયરીના અંશો ટપકાવવાની
(C) પ્રકૃતિની ભાષા સમજવાની (D) ભગવાન બુદ્ધની ધ્યાનમગ્ન મૂર્તિ જોવાની

7 સંસ્કૃતિ હંમેશાં ક્યાં પાંગરી છે ?
(A) નગરોમાં (B) પ્રકૃતિની ગોદમાં
(C) મહાનગરોમાં (D) મહાસાગરોમાં

8 લેખકની દ્રષ્ટિએ ટાઈમટેબલમાં કોને સ્થાન આપવું જોઈએ ?
(A) ભોજનને (B) નાસ્તાને
(C) આરામને (D) ઊંઘને

9 કેળવણી પામેલું સ્ત્રીરત્ન શું ખોતું નથી ?
(A) પોતાનું ધન ખોતું નથી (B) પોતાનો પતિ ખોતું નથી
(C) વૈચારિક શક્તિ ખોતું નથી (D) પોતાનું તેજ ખોતું નથી

10 શેરીમાં સૌની આંખો ક્યારે પહોળી થઈ ગઈ હતી ?
(A) ગિલાની વધુ સ્ટીલનું બેડુ લઈને પાણી ભરવા નીકળે ત્યારે
(B) ગામમાં પહેલ વહેલું ટી.વી. આવ્યું ત્યારે
(C) લગ્નમાં પહેલ વહેલા ફટાકડા ફૂટ્યો ત્યારે
(D) ગિલાનું કમકમાટીભર્યું મોત જોઈને

11 કોણે આખા દેશને કાળો કરી નાખ્યો છે ?
(A) ત્રાસવાદીઓએ (B) સફેદ કપડાંવાળા રાજકારણીઓએ
(C) બે નંબરના કાળાં નાણાંથી (D) ભ્રષ્ટાચારીઓએ

12 લેખકે ધણીને કેવો કહ્યો છે ?
(A) ઘરના રખેવાળ કૂતરા જેવો (B) ધોંસરી ઉપાડવાની ટેવ વાળો
(C) 'સુરભિસુત' (બળદ) જેવો (D) ઘાંચીના બળદ જેવો

13 'ચક્ષુઃશ્રવા' નવલિકાના લેખકનું નામ જણાવો ?
(A) ઉમાશંકર જોશી (B) પ્રેમાનંદ
(C) કનૈયાલાલ મુનશી (D) ચંદ્રકાન્ત બક્ષી

14 લાભશંકર જાદવજી ઠાકરનું ઉપનામ જણાવો.
(A) 'પુનર્વસુ' (B) 'ઘનશ્યામ'
(C) 'સારસ્વત' (D) અવળવાણિયા ગુપ્તા

15 'અને રસોડામાં મારે આમ ઊભું સ્ટેન્ડિંગ કિચન જોઈએ' આ વાક્યો કોણ બોલે છે ?
(A) દાદા (B) ઈન્દિરા
(C) ચકુ (D) એન્જિનિયર

## પદ્ય વિભાગ

16 સંતોમાં કઈ પરોપકારની ભાવના હોય છે ?
(A) લોકોને ભક્તિમાં દોરવાની ભાવના (B) લોકો પાસે સેવા કરાવવાની ભાવના
(C) જાતને ઘસીને બીજાને સુખી કરવાની ભાવના
(D) લોકો પાસે પૈસા ઉઘરાવવાની ભાવના

17 નાયિકા પોતાને ક્યાંનું પક્ષી જણાવે છે ?
(A) આકાશનું (B) નદી કાંઠાનું
(C) મહાસાગરનું (D) પ્રતિરૂપી કાંઠાનું

18 સિક્કાને ઉછાળતાં તેનું શું થાય છે ?
(A) હવામાં ગાયબ થઈ જાય છે (B) આકાશમાં ઊંચે ચાલ્યો જાય છે
(C) ધરતી પર નીચે પડે છે (D) દરિયામાં જઈને પડે છે

19 'ઊંઘતાં' એટલે કોણ ?
(A) અભણ લોકો (B) સંસારના અજ્ઞાનીજીવો
(C) બેભાન અવસ્થામાં જીવતા લોકો (D) નશો કરેલા લોકો

20 મા બાળકીને ખોળામાં સુવાડી શું કરી રહી હતી ?
(A) દવા પાઈ રહી હતી (B) સ્તનપાન કરાવી રહી હતી
(C) વાતો કરી રહી હતી (D) આનંદ કરી રહી હતી

21 કવિ હૃદયને કેવું કહે છે ?
(A) 'તું તો મારું છે ને ?' (B) પાણીપોચું
(C) કઠણ કાળજાનું (D) દંભી અને બેશરમ કહે છે

22 નાયિકાને કોની મૂર્તિ અનેરી લાગે છે ?
(A) પતિની મૂર્તિ (B) પિતાની મૂર્તિ
(C) દાદીમાની મૂર્તિ (D) માતાની મૂર્તિ

23 દુર્યોધને મોકલેલો દૂત દેખાવમાં કેવો હતો ?
(A) ઘાતકી અને દુષ્ટ હતો (B) સુંદર અને હસમુખો હતો
(C) ઋષિમુનિ જેવો હતો (D) રાજા જેવો દેખાતો હતો

24 કવિએ કોને સહુથી ચડિયાતો કહ્યો છે ?
(A) ભક્તિને (B) સત્સંગને
(C) ભગવાનને (D) ભક્તને

25) 'જેણે મેલ્યાં અંતરનાં માન રે' એટલે શું ?
(A) ભક્ત ભગવાનનો સાચો ભક્ત હોય છે
(B) સાચો ભક્ત નિરભિમાની હોય છે
(C) સાચો ભક્ત માન-તાન વગરનો હોય છે
(D) સાચો ભક્ત કંચન અને કામિનીથી દૂર રહેનારો હોય છે

26. મન અને લોચન ન્યાય માટે કોની પાસે ગયાં ?
(A) ન્યાયધિશ પાસે કોર્ટમાં ગયા (B) ભગવાન પાસે ગયા
(C) બુદ્ધિ પાસે ગયાં (D) અહંકાર પાસે ગયાં

27. જે વિદ્યા પ્રાપ્ત કરે છે તે શું પામે છે ?
(A) ઊંચી પદવી પામે છે (B) સારી નોકરી પ્રાપ્ત કરે છે
(C) સમાજમાં માન-પાન પામે છે (D) તમામ પ્રકારની સમૃદ્ધિ પામે છે

28. નરસિંહ મહેતા પૃથ્વી પર કોને શ્રેષ્ઠ ગણે છે ?
(A) ભક્તિ પદાર્થને (B) ભગવાનને
(C) ભગવાનના ભક્તને (D) ભગવાનની લીલાને

29. ધીરા ભગતના પદ કયા નામે જાણીતાં છે ?
(A) સાફી (B) કાફી
(C) સૂફી (D) પદ

30. 'કાન્ત' ઉપનામ કયા કવિનું છે ?
(A) દયારામ ભટ્ટ (B) મણિશંકર રત્નજી ભટ્ટ
(C) ઉમાશંકર જોષી (D) પ્રેમાનંદ

<u>વ્યાકરણ</u>

31. '<u>ચંદનડાળે</u> વેલ થઈ વીંટાણો' રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો ?
(A) ઉપપદ (B) કર્મધારય
(C) તત્પુરૂષ (D) બહુવ્રીહિ

32. 'તુવેરની દાળનું પૂરણ ભરેલી પોળી' શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.
(A) પરોઠા (B) ભાખરી
(C) પૂરી (D) પૂરણપોળી

33. અલંકાર ઓળખાવો : 'છકડો પાણીપંથો ઘોડો થઈ ગયો'
(A) રૂપક (B) ઉત્પ્રેક્ષા
(C) વ્યતિરેક (D) ઉપમા

34. નીચેનામાંથી કયું ઉદાહરણ વ્યાજસ્તુતિ અલંકારનું છે.
(A) તપેલી તપેલી છે (B) શું તમારી બહાદુરી ! ઉંદર જોઈને નાઠા !
(C) ગાંધીજી એટલે ગાંધીજી (D) ઝૂકી ઝાડના ઝૂંડની ઝાઝી ઝાડી

35. 'ના મારે તુજ ભેટ બક્ષિસ નવા તારી કૃપા જોઈએ.' છંદનો પ્રકાર જણાવો.
(A) મનહર (B) મંદાક્રાન્તા
(C) પૃથ્વી (D) શાર્દૂલવિક્રીડિત

36. ચોપાઈ છંદની પંક્તિ શોધીને લખો.
(A) કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો
(B) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય
(C) ભમો ભરતખંડમાં સકળભોમ ખૂંદી વળો
(D) વાડ થઈને ચીભડાં ગળે, સોંધી વસ્તુ ક્યાંથી મળે ?

37. 'છળી મરવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.
(A) આકસ્મિક ભય કે આઘાત અનુભવવો (B) ડરી જવું
(C) લાજી મરવું (D) ઉછળી પડવું

38. 'ઉતાવળે આંબા ન પાકે' કહેવતનો અર્થ દર્શાવો
(A) કેરીનું ફળ ઉતાવળથી પાકતું નથી (B) ઉતાવળથી સારું કામ થાય નહિં
(C) યોગ્ય સમયે યોગ્ય કામ કરવું (D) ધીરજનાં ફળ મીઠાં

39. 'રૂઢિ' શબ્દનો સાચો પર્યાય લખો ?
(A) ચુસ્ત (B) મક્કમ
(C) પરંપરા (D) જડ

40. 'દાબડો' શબ્દનું શિષ્ટરૂપ આપો.
(A) દાબણિયું (B) પૈસા
(C) ધાબળો (D) ડબ્બો

41. '<u>કલોલથી</u> ગાડી ઉપડી' રેખાંકિત પદની વિભક્તિ દર્શાવો.
(A) અપાદાન (B) કરણ
(C) સંપ્રદાન (D) કર્મ

42. વાક્યમાં છૂટા પાડવાનો ભાવ કઈ વિભક્તિના વાક્યમાં જોવા મળે છે
(A) સંપ્રદાન (B) અપાદાન
(C) અધિકરણ (D) કરણ

43. 'દૂઝ્યા કરે છે કેટલાયે ઘા રહી રહી' આ વાક્યમાંથી નિપાત શોધીને લખો.
(A) છે (B) કરે
(C) યે (D) કેટલા

44. 'માણસો માખીઓની જેમ <u>મરતાં</u> હતાં.' આ વાક્યનાં રેખાંકિત પદનો કૃદંત પ્રકાર લખો.
(A) હેત્વર્થ કૃદન્ત (B) સંબંધક ભૂતકૃદન્ત
(C) ભવિષ્ય કૃદન્ત (D) વર્તમાન કૃદન્ત

45. 'મેં પાઠ વાંચ્યો' આ વાક્યનું પ્રેરક વાક્ય લખો.
(A) શિક્ષકે મારી પાસે પાઠ વંચાવ્યો (B) મેં શિક્ષકને પાઠ વંચાવ્યો
(C) મારાથી પાઠ વંચાયો (D) શિક્ષકથી પાઠ વંચાયો

46. 'મારાથી પત્ર લખાય છે' આ વાક્યનું કર્તરિ વાક્ય લખો.
(A) મારા વડે પત્ર લખાય છે (B) મેં પત્ર લખ્યો
(C) હું પત્ર લખું છું (D) મેં પત્ર લખાવ્યો

## <u>ગદ્યાંશ-પદ્યાંશનું અર્થગ્રહણ</u>

**નીચેનો ગદ્યાંશ વાંચી પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.**

સ્વરાજ્ય મેળવવાના પ્રયત્નમાં પણ સત્યનો આધાર લઈને ચાલવું એ લાભદાયક છે. આપણું સાધન સારું નહીં હોય તો સાધ્ય પણ સારું નહીં ઊતરે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે શુભ ઉદ્દેશ પાર પાડવા માટે ગમે તે સાધનનો ઉપયોગ કરી શકાય એમાં કશું અનુચિત કરવું પડે તો તે ઈચ્છવા યોગ્ય નહિ તો ક્ષમ્ય તો જરૂર ગણાય. ગાંધીજી અનુચિત આચરણને હંમેશાં વખોડી કાઢતા કારણકે તેથી સાચી કાર્યસિદ્ધિ થતી નથી અને થતી દેખાય તો પણ એ મૂળ ધ્યેયની સિદ્ધિ નથી હોતી, કારણ કે ખોટા સાધનને કારણે ખુદ ધ્યેય બદલાઈ ગયેલું હોય છે. – રાજેન્દ્ર પ્રસાદ

47. સ્વરાજ્ય મેળવવામાં શેનો આધાર લાભદાયક છે.
(A) હિંસાત્મક લડતનો (B) અસત્યનો
(C) સત્યનો (D) નીતિમય આચરણનો

48. ગાંધીજી શેને હંમેશાં વખોડી કાઢતા હતા ?
(A) અંગ્રેજોને (B) અહિંસાને
(C) પ્રજાજનોને (D) અનુચિત આચરણોને

નીચેનો પદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

ઝાડવાએ છાંયડાની માંડી દુકાન,
ધંધામાં રોકી છે પોતાની મૂડી બધી એટલી કે સઘળાંયે પાન
પોતાનો કારભાર ચલવે છે ઝાડવું, કોણ જાણે કેવા કેવા માપે ?
આવનાર માંગે છે ચપટીભરી છાંયડો તો ખોબાભર છાંયડો આપે.
એનાથી વેપલો શું થાય જેને હોય નહિ ત્રાજવાં ને કાટલાંનું ભાન.

49. ઝાડવું એની પાસે આવનારને શું આપે છે ?
(A) ખોબો ભરીને છાંયડો (B) ફળો
(C) પાંદડા (D) લાકડાં

50. ઝાડવાને વેપાર કરવાનું ભાન નથી, કારણ કે...... ?
(A) ઝાડવું આવનારને વેપારને નામે છેતરે છે. (B) ઝાડવાંને ત્રાજવાં ને કાટલાંનું ભાન નથી
(C) ઝાડવા પાસે વેચવા લાયક કોઈ વસ્તુ નથી (D) ઝાડવું જમા ઉધારનો હિસાબ રાખતું નથી.

●●●

## PART - B

**સમય : 120 મિનિટ** **કુલ ગુણ : 50**

**સૂચનાઓ :**
**(1) આ પ્રશ્નપત્રમાં કુલ ચાર વિભાગ છે.**
**(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**
**(3) જમણી બાજુનાં આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.**

### વિભાગ : A

**નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો.** **(04)**

1. પૃથિવીવલ્લભનું વ્યક્તિત્વ આલેખો.

**(અથવા)**

સૂરજ-ચંદ્ર વિશે લેખકે કરેલું વર્ણન તમારા શબ્દોમાં લખો.

**નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

2. ડૉ. અબ્દુલ કલામને બાળપણમાં માતા-પિતા તરફથી શો વારસો મળ્યો ?
3. પતિ વૃક્ષ બની ગયો છે તેથી ઘરના લોકોને શો ફાયદો થયો ?

**(અથવા)**

આક્કાના મૃત્યુની તેની મા પર શી અસર પડી ?

**નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો..** **(03)**

4. 'કુંજલડી રે' લોકગીતમાં વ્યક્ત થયેલા નાયિકાના મનોભાવો તમારા શબ્દોમાં લખો.

**(અથવા)**

જીવને નડતા દેહની વાત કવિ ક્યા દૃષ્ટાંતોથી સમજાવે છે ?

**નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો.** **(04)**

5. કવિએ 'ભયની કાયાને ભુજા નથી હોતી" એમ શા માટે કહ્યું છે ?
6. ઘરના ઓટલે કવિએ કયું દૃશ્ય જોયું ?

**(અથવા)**

હૃદયે જવાબ આપ્યો તેની કવિ પર શી અસર થઈ ? તેમણે શો વિચાર કર્યો ?

### વિભાગ : B

7. **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો.** **(05)**

"પુસ્તક માનવીને આનંદ આપનાર સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી, માણસને એની સાથે એવી મૈત્રી અને મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે, તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઈ દિવો છે. દીવાની પાસે બેઠા, હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી." - મોહમ્મદ માંકડ

**નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો.** (05)

8. જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે,
ઘસીને જાતને સંતો અન્યને સુખિયાં કરે.

**(અથવા)**

ખૂંદી ખમે માતા પ્રથમી, વાઢી ખમે વનરાઈ,
કઠણ વચન સાધુડાં ખમે, નીર તો સાયરમાં સમાઈ.

## વિભાગ : C

9. ટી.વી. જોવાથી આજના વિદ્યાર્થીઓ પર અને તેમના અભ્યાસ પર વિઘાતક અસરો થઈ છે. આ અંગેની સલાહ આપતો પત્ર તમારા નાના ભાઈને લખો. (પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.

10. તમારા વિસ્તારમાં ભારે ભૂકંપના કારણે થયેલ નુકસાનનું વર્ણન કરતો અહેવાલ એકસો શબ્દોમાં લખો.

## વિભાગ : D

11. **નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની રીતે સુધારીને ફરીથી લખો.** (03)
ઈન્દિરા : તમને આ શું થઈ ગયું છે કેમ કઈ બોલતા નથી. કેમ આમ રિસાઈ ગયા છો ? તમે કંઈક તો બોલો. આપણાં કેવાં કેવાં સપના હતા ચકુડીને ભણાવી ગણાવીને મોટી કરીશું એને સારે ઘેર પરણાવીશું. થોડા પૈસા ભેગા થશે એટલે આ ઘરને થોડું મોટું કરીશું. તમે તો મને નોધારી છોડીને આમ સાવ સુનમુન સાધુ જ્યાં બની ગયા સાચું કહું છું હોં !

12. **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** (04)
સંસ્કૃતિ પ્રકૃતિની પાછળ ભલે ના રહે, પણ એ પ્રકૃતિને ભૂલીને ચાલવા જશે તો તદ્દન અવળે રસ્તે ચડી જવા જેવું થશે (રૂઢિપ્રયોગ વાપરો). સંસ્કૃતિ તો હંમેશાં પ્રકૃતિની ગોદમાં જ પાંગરી છે. વૃક્ષો આની સાક્ષી પૂરશે. શાસ્ત્રો આની સાક્ષી પૂરશે. (સંયોજક મૂકી એક વાક્ય બનાવો.) હું પ્રકૃતિ ભણી પાછા વળવામાં જીવનનો નવોન્મેષ (સંધિ છોડો) જોઉં છું. પ્રકૃતિ પ્રેમ કેળવવાના સંસ્કાર મને છેક બાળપણથી મળેલા છે. (શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.)

13. **ગમે તે એક વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો.**

1. **<u>મારું શ્રેષ્ઠ પુસ્તક :</u>**
**મુદ્દાઓ :** પ્રસ્તાવના - પુસ્તકોનું જીવનમાં મહત્ત્વ - પુસ્તકોની પસંદગી - મહાનગ્રંથોની શ્રેણીઓમાંથી મને ગમતું પુસ્તક - શ્રેષ્ઠ પુસ્તકોનો સત્સંગ - સંગ - શ્રેષ્ઠ પુસ્તકમાંથી મળેલી પ્રેરણા - ઉપસંહાર

2. **<u>કૌભાંડોનું વિષચક્ર :</u>**
મુદ્દાઓ : પ્રસ્તાવના - કૌભાંડોનો મૂળ સ્રોત - ભારતમાં થયેલાં મોટાં મોટાં કૌભાંડો - કૌભાંડો વધવાનાં કારણો - કૌભાંડોની ભયાનક અસર - અત્યારે હાલ કૌભાંડોની મોસમથી પ્રજાની પરેશાની - પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ફરજ - કૌભાંડોના વિષચક્રથી દેશને અને અર્થતંત્રને બચાવવાના ઉપાયો - કૌભાંડ દેશને કોરી ખાતી ઉધઈ ? ઉપસંહાર.

●●●